ગાંધીનગર સમાચાર

# પ્રેરણા વિદ્યાલયનો વાર્ષિક રમતોત્સવ





પ્રેરણા વિદ્યાલય દ્વારા શનિવારે વિદ્યાર્થીઓ માટે વાર્ષિક રમતોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે અતિથિ તરીકે જુનિયર ચૅમ્બર ઑફ ઈન્ડિયા, ગાંધીનગર શાખાનાં પ્રમુખ ડૉ. પરાગી ગાંધી, નગરસેવક ઊર્મિલાબેન વર્મા, રાકેશભાઈ પટેલ, કોંગ્રેસના પ્રમુખ ચંદુભાઈ વર્મા, પદમસિંહ ચૌહાણ, પ્રેરણા વિદ્યાલયનાં ટ્રસ્ટી પ્રદિપસિંહ બિહોલા તથા મોટી સંખ્યામાં વાલીઓ ઉપસ્થિત રહ્યા હતા.

રમતોત્સવ અંતર્ગત ધોરણદીઠ વિવિધ રમતોનું આયોજન કરવામાં આવ્યું હતું. ધોરણ-૧, ૨ના વિદ્યાર્થીઓ માટે કક્કા, એબીસીડીની ઓળખ, પાણીની ડોલ ભરવાની સ્પર્ધા, ધોરણ-૩, ૪માં મહિનાનાં નામ, વારની ઓળખ તેમજ પાણની ડોલ ભરવાની સ્પર્ધા યોજાઈ હતી. ધોરણ-૫, ૬, ૭ના વિદ્યાર્થીઓ માટે માઈન્ડ ગેમ, રૂમાલ ઊઠાવવો અને ફુગ્ગા ફુલાવવા જેવી રમતો યોજવામાં આવી હતી. સંગીત ખુરશી બધા જ વિદ્યાર્થીઓ માટે યોજવામાં આવી હતી. વિદ્યાર્થીઓને પ્રોત્સાહન અને આનંદ અર્પવા શિક્ષકોએ પણ ગોળા ફેંક અને દોડની સ્પર્ધામાં ભાગ લીધો હતો. કક્કાની ઓળખ સ્પર્ધામાં અનુક્રમે શ્રેયા રાવળ, યશ પરમાર, દૃષ્ટિ સોલંકી, એબીસીડીની ઓળખમાં ભૂમિકા ઠાકોર, અર્પિતા ડામોર, સુમિત ગોલ, ડોલમાંથી પાણી ભરવાની સ્પર્ધામાં અજય પટણી, કિન્જા પટવા, કૈલાસ મિણા, હિન્દી કક્કાની ઓળખની સ્પર્ધામાં માનસી ચાવડા, કાજલ યાદવ, અમાન અજમેરી, ગુજરાતી મહિના અને વારની ઓળખમાં વૈભવ પટેલ, પિન્કી પંચાલ, રૂસદા જામ, ડોલમાંથી પાણીની રમતમાં શુભમ રાવલ, વિશાલ યાદવ, અંજલિ પરમાર, માઈન્ડ ગેમમાં જૈતુન શ્રીમાળી, ભૂમિ રબારી, સ્મિત લેઉઆ, ફુગ્ગા ફુલાવવાની રમતમાં નીલ પટેલ, શ્યામ શ્રીમાળી, રાજવર્ધન રાઠોડ, મોં વડે રૂમાલ લેવાની ગેમમાં વિજય શર્મા, આકાશ પરિહાર, પ્રતાપ રાઠોડ અનુક્રમે વિજયી બન્યા હતા. સંગીત ખુરશીમાં શીતલ સોલંકી, તન્વી સોલંકી, ઋત્વિકા પરમાર, રુદ્રેશ દેસાઈ, અર્જુન રાવળ, હાર્દિક ઠાકોર, અવંતિકા મોલાડિયા પોતાના ધોરણમાં વિજયી બન્યાં હતાં.

વિજેતા વિદ્યાર્થીઓને અતિથિઓના હસ્તે ઈનામો આપીને પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. ડૉ. પરાગી ગાંધી અને પદમસિંહ ચૌહાણે વિદ્યાર્થીઓને જીવનમાં રમતના મહત્ત્વ વિશે સમજ આપી હતી. પ્રદીપસિંહ બિહોલાએ પ્રસંગને અનુરૂપ વક્તવ્ય આપ્યું હતું. કાર્યક્રમના અંત ભાગમાં આભારવિધિ શિક્ષક મહેશભાઈ પટેલે કરી હતી.



સરસ્વતી વિદ્યાલય, સૅક્ટર-૬ બીના વિદ્યાર્થીઓ દ્વારા બેટી બચાવો, બેટી પઢાઓ વિષયે એક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમ અંતર્ગત ધોરણ-૮થી ૧૨ના વિદ્યાર્થીઓએ વિષયને અનુલક્ષીને પોતાના વિચારો અભિવ્યક્ત કર્યા હતા. ધોરણ-૯ની વિદ્યાર્થીનીઓએ કાવ્યગાન કર્યું હતું અને ધોરણ-૮ની વિદ્યાર્થીનીઓ સાથે મળીને સુંદર ડાન્સ પણ પ્રસ્તુત કર્યો હતો. આ પ્રસંગે સ્થાનિક નગરસેવક હિરલબેન જોશી અને સુરેશભાઈ પટેલ ઉપસ્થિત રહ્યા હતા જેમના પ્રતિ આચાર્ય ગોપાલસિંહ સોલંકીએ આભારની લાગણી વ્યક્ત કરી હતી.કાર્યક્રમના માધ્યમથી વિદ્યાર્થીઓને દીકરીના મહત્ત્વ વિશેની જાણકારી આપવાનો સ્તુત્ય પ્રયાસ કરવામાં આવ્યો હતો.

### સહજાનંદ સ્કૂલ ઑફ ઍચિવર, ચિલોડા દ્વારા

## વિદ્યાર્થીઓ માટે 'મૂનલાઈટ મસ્તી'




ગાંધીનગર, તા. ૨૧

બાળકોમાં રહેલી સુષુપ્ત શક્તિઓને ઉજાગર કરવાના હેતુસર ચિલોડા સ્થિત સહજાનંદ સ્કૂલ ઑફ ઍચિવર શાળા પરિવારે ગુજરાતી તથા અંગ્રેજી માધ્યમના ધોરણ-૧થી ૧૦ના વિદ્યાર્થીઓ માટે શનિવારે મૂન લાઈટ મસ્તી યોજીને રાત્રિનિવાસ સાથેનો એક નવતર પ્રયોગ કર્યો હતો.

આ પ્રયોગ અન્વયે વિદ્યાર્થીઓ માટે ધોરણદીઠ ચૉકલેટ ફાઈન્ડ, બૅલેન્સિંગ ધી બૂક, કલૅક્ટર ધ બૉલ, બ્લાઈન્ડમૅન બ્લફ, ક્રિકેટ જેવી અલગ-અલગ રમતો યોજવામાં આવી હતી, જેનો વિદ્યાર્થીઓએ મુક્ત મને આનંદ પ્રાપ્ત કર્યો હતો.

શિયાળાની કડકડતી ઠંડીમાં રાત્રે શાળાના મેદાનમાં ચાંદનીના આછા ઉજાસમાં કૅમ્પફાયર યોજીને પ્રારંભે ટ્રસ્ટીઓનું ઢોલ સાથે સ્વાગત, હનુમાન ચાલીસા, શિક્ષકો દ્વારા રમૂજી નાટક, રાજસ્થાની ડાન્સ, વિદ્યાર્થીઓ દ્વારા અવનવા ડાન્સ, ગીત-સંગીત, ગરબા, ટીચર્સ ગેમ્સ અને સમૂહ ભોજનના કાર્યક્રમો યોજીને બાળકોને 'શાળા એ અમારું બીજું ઘર' એવો અહેસાસ કરાવવામાં આવ્યો હતો.

શાળાનાં તમામ શિક્ષકોએ માતાપિતાની ભૂમિકામાં રહીને વિદ્યાર્થીઓની વિશેષ કાળજી લીધી હતી. વિદ્યાર્થીઓ પણ સમૂહમાં રહીને ઘણી નવિન બાબતો સીખ્યા હતા તેમજ માતાપિતાથી દૂર રહેતા જવાબદારીનો અહેસાસ થતાં એક નવો જ અનુભવ થયો હતો. કાર્યક્રમના મુખ્ય મહેમાન એવાં પેરાલિમ્પિક્સમાં બેડમિન્ટન ગોલ્ડ મેડાલિસ્ટ અને અર્જુન ઍવોર્ડ મેળવનાર ગાંધીનગરનાં ગરવાં ખેલાડી પારૂલ પરમારે વિદ્યાર્થીઓને પ્રેરણાદાયી ઉદ્બોધન કર્યું હતું.

વિદ્યાર્થીઓ માટે આ અનુભવ આનંદદાયક અને યાદગાર બની રહ્યો હતો.

### ડાયરેક્ટ ❤ સે

મેં તારી
બધી ફરિયાદોનો
હિસાબ
કરી રાખ્યો હતો, દોસ્ત
તેં ગળી મળીને
આખું ગણિત બગાડી નાંખ્યું

### મનોરંજન

**સિટી પલ્સ**

**સ્ક્રીન-૨**
કૉફી વિથ ડી
૧.૦૦, ૪.૦૦, ૭.૦૦, ૧૦.૦૦

**સ્ક્રીન-૩**
ટ્રીપલ ઍક્સ રિટર્ન ઑફ કેજ
(૩ડી હિન્દી)
૩.૪૫, ૫.૪૫, ૧૦.૧૫
ટ્રીપલ ઍક્સ રિટર્ન ઑફ કેજ
(૩ડી અંગ્રેજી)
૮.૦૦

**સ્ક્રીન-૪**
ધ ફ્રૂ (હિન્દી)
૧.૦૦, ૧૦.૦૦
ધ ફ્રૂ (અંગ્રેજી)
૫.૪૫
ઓકે જાનુ
૩.૧૫
હરામખોર
૮.૦૦

**સ્ક્રીન-૫**
કૉફી વિથ ડી
સવારે ૧૦.૦૦
ઓકે જાનુ
૬.૪૫
દંગલ
૩.૩૦

## ગૂજરાત વિદ્યાપીઠના વિદ્યાર્થીઓ દ્વારા કિડની જાગૃતિ અભિયાન

ગાંધીનગર, તા. ૨૧

ગ્રામ વ્યવસ્થાપન અધ્યયન કેન્દ્ર, ગૂજરાત વિદ્યાપીઠ, રાંધેજાના રાષ્ટ્રીય સેવા યોજના એકમ દ્વારા અંડિયન રેનલ ફાઉન્ડેશન (આઈ. આર. એફ.), અમદાવાદના સંયુક્ત ઉપક્રમે ગાંધીનગર જિલ્લા તાલુકાના ઉનાવા ગામે પ્રાથમિક આરોગ્ય કેન્દ્રના નવા ભવનમાં કિડની સુરક્ષા જાગરૂતતા કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું. કાર્યક્રમમાં ઉનાવા પી.એચ.સી.ના મેડિકલ ઓફીસર ડૉ. બીનાબેન બી. પટેલ, એ.એમ.ઓ.. ડૉ. લતાબેન સોલંકી, આર.એસ.બી.કે.-એમ.ઓ. ડૉ. અંકિતાબેન, એમ પી.એચ. એસ. શ્રી અશોકભાઈ સી. પટેલ તથા એફ.એચ.એસ.- શ્રીમતી વિજયાબેન સાથે ૪૦ આશાબેન અને ૪૦ આરોગ્ય વોલિયન્ટીયર્સ તથા નર્સિંગની તાલીમ લેતી વિદ્યાર્થી બહેનોએ હાજરી આપી હતી.

રાષ્ટ્રીય સેવા યોજનાના સ્વયંસેવકોએ ગામમાં ઘેર ઘેર જઈને ગામલોકોને કાર્યક્રમમાં જોડાવવા માટે પ્રેરણા આપી હતી. કાર્યક્રમમાં ઉનાવા આરોગ્ય ખાતાના શ્રી અશોકભાઈએ કાર્યક્રમની શરૂઆત કરતા બધા પ્રતિભાગિઓને કહ્યુ હતું કે અત્યારે જે આરોગ્ય કાર્યકરો અહિં ઉપસ્થિત છે તે ગ્રાસરૂટ ઉપર કામકરનારા છે. અને તેઓ જો માનવ શરીરમાં કિડનીના મહત્વપર્ણ કાર્ય વિશે જાણતા થશે અને તે માહિતી લોકોને આપી લોકોની આરોગ્ય સુખાકારીમાં વધારો કરશે. ડૉ. બીનાબેને કહ્યુ કે જે મોટો ખર્ચો કિડનીની સારવાર ઉપર કરવું પડે છે તેનાથી લોકો બચી શકે છે જો તેઓ યોગ્ય કાળજી લેતા શીખી જાય. કાર્યક્રમનાં મુખ્ય ટ્રેનર આઈ.આર.એફનાં શ્રી જયેશભાઈ પટેલે કિડની વિશે ટેક્નીકલ માહિતી આપતા કહ્યુ કે કિડની ફેલ થવાના કારણોમાં હાઈપર ટૅંશન અને ડાયાબિટીજ પ્રમુખ છે જો વ્યક્તિ તેના ઉપર તેમજ જીવનશૈલી ઉપર અંકુશ મેળવે તો રોગનો પ્રમાણ ઘટાડી શકાય છે. કિડની નિદાન ટેસ્ટ માટે સીરમ ક્રિયેટીનાઈન, બ્લડ સુગર, યુરિન અને કિડનીની સોનોગ્રાફ પ્રચલિત છે. પણ બચાવ એ મુખ્ય અને પ્રાથમિક ઉપચાર છે. રોગ થયા પછી તો ડાયલાસિત કરવો પડે. આ કાર્યક્રમથી એન.એસ.એસ.ના ભાઈ બહેનોને પણ માહિતી ગાર થયા તેનો ઉપયોગ તે ગામલોકો અ સમાજના જરૂરતમંદ વર્ગ સાથે કરી શકશે.

## બીપીસીસીએસ ખાતે યોગ દિવસ



ગાંધીનગર, તા. ૨૧

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત અને કડી સર્વ વિશ્વવિદ્યાલય સંલગ્ન ભોળાભાઈ પટેલ કોલેજ ઓફ કોમ્પ્યુટર સ્ટુડિઝ (બી.સી.એ. અને પી.જી.ડી.સી.એ.) દ્વારા વિવિધ ડે સેલિબ્રેશન ચાલી રહ્યા છે , તે અંતર્ગત આજે કોલેજ કેમ્પસ ખાતે યોગા ડેનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં કોલેજના ૨૫૦ કરતાં વધારે વિદ્યાર્થીઓએ દ્વારા ઓમકાર, ભ્રમરી પ્રાણાયામ, વિવિધ યોગાસનો અને સૂર્ય નમસ્કાર કરવામાં આવ્યા હતા. યોગની પ્રાથમિક માહિતી મળવીને આ વિદ્યાર્થીઓ યોગને પોતાના જીવનમાં ઉતારી શારીરિક અને માનસિક આરોગ્યપ્રદ જીવન મેળવે તે આશયથી યોગ દિવસનું આયોજન કરવામાં આવ્યું હતું. યોગ દિવસનું આયોજન કોલેજના ડાયરેક્ટર ડો. સંજય એમ શાહના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું. આજના યોગ દિવસને સફળ બનાવવા માટે પ્રો. શ્વેતા વ્યાસ, પ્રો. જિગ્નેશ પટેલ, પ્રો. જૈમિની કુલકર્ણી તથા સમગ્ર સ્ટાફ મિત્રોનો સહયોગ પ્રાપ્ત થયો હતો.

## લોહાણા વંશના પરાક્રમી ગૌરક્ષક રાજવી વીર જશરાજ

લોહરણા (લોહાણા) રઘુવંશી ગણાય. વેદકાળના ઉતરાધમાં સૂર્યવંશી ક્ષત્રિય ઈક્ષ્વાકુ મનુએ ભારતની સ્થાપના કરી એ પછી ૫૪ મી પેઢીએ રામઅયોધ્યાના રાજા તરીકે આવ્યા. રામની આજ્ઞાથી ભરતે એ વખતે કંદહાર તરીકે ઓળખાતા અને ગંધારના ગાંધર્વોને હરાવીને ત્યાં તક્ષશિલા અને પુષ્કલપુર એમબે નગર વસાવ્યા. પોતાના પુત્રો યક્ષ અને પુષ્કલને તક્ષશિલા અને પુષ્કલપુરનું રાજ સોંપીને ભરત પાછા અયોધ્યા ચાલ્યા ગયા. આમાંથી પુષ્કલના વંશજ કપીલરાજે કપિશા (પાછળથી કાબુલ) શહેરો વસાવ્યું. પુષ્કલપુર અત્યારે પેશાવર તરીકે ઓળખાય છે. કપિલરાજે કંબોજમાં સમરમંદ અને બુખારા શહેરો વસાવ્યા. દાયકાઓ પછી ગાંધાર (હાલ અફઘાનિસ્તાન) માં રઘુવંશી ક્ષત્રિયોના જુદા જુદા રઘુરાણા અમલમાં આવ્યા.




ઈ.સ. ૧૦૪૪માં રઘુવંશીના જયેષ્ઠભાઈ વચ્છરાજની ઈચ્છાથી કુમાર જશરાજનો સોળ વર્ષની વયે લાહોરકોટના રઘુરાણા તરીકે રાજ્યાભિષેક થયો. કેસરીયા સૂર્યવંશધ્વજ સમક્ષ રાજદંડ ધારણ કરી ભારતના સીમા રાજ્ય તરીકે પ્રજા રાજ્ય જાહેર કર્યુ. રાજ્યભિષેક સમારોહમાં આવેલા ભારતના રઘુવંશી રાજાઓને તેમના પિતૃઓની શહાદતોનું સ્મરણ કરાવી આંતરકલેશ દૂર કરી એકત્ર કર્યા. આંતરકલેશ ચાલુ રાખવા સામે ભાવી આગાહી પણ રાજ દરબારમાં સંભાળવી કે ભારતને આંતરકલેશ

**પ્રસંગસર**

સમગ્ર ભારતને મ્લેચ્છ મુસ્લિમસત્તાના ગુલામ બનાવશે.

લોહરકોટના નવા પરાક્રમી મહારાજ જશરાજને ખત્મકરવા કાબુલ (કપિશા) ના જલાલે અનેક દાવપેચ ખેલ્યા તે બધા નિષ્ફળ જતા તેમને જીવતા કે મુવા પકડી લાવનારને દસ લાખ અશરફીનું ઈનામજાહેર કરેલ. વીર જશરાજે તેમના શોર્યને કારણે શાહીવાઘ તરીકે ઓળખાયા અને મ્લેચ્છ પ્રજા તેમનું નામસાંભળતા ભયભીત બનતી.

મોગલપ્રદેશનો મોગલશાહ ચંગીઝખાન વિશ્વ સામ્રાજ્યના સ્વપ્ન સાકાર કરવા અશ્વ પર સિંધુ નદી પર કરી મુલતાનના ઠાકુરોને ખત્મકરવા કાબુલ થઈ અને બોલોનઘારીના માર્ગ આગળ વધ્યો. વીર જશરાજે ચંગીઝખાનને પરાસ્ત કરી તેના શબને મુલતાનના લાતુર દરવાજા બહાર કરી શોર્યના દર્શન કરાવેલ. વીર જશરાજે અલ્પ જીવનકાળમાં લોહરાણા (લોહાણા) ઓએ ગુમાવેલ કપિશા (કાબુલ) પર ભગવો ધ્વજ ફરકાવી વિજય પતાંકા ફેલાવી હતી.

ઈ.સ. ૧૦૫૮ માં લોહારવંશના છેલ્લા પરાક્રમી વીર જશરાજ હજુ તો કુમારાવસ્થામાં હતા અને લગ્નના માંડવ. મીંઢળ બંધાવી પરણવા બેઠા હતા તે વખતે અનેક વખત હારી ચુકેલા મલેચ્છ મુસ્લિમ આક્રમણકારોએ કપટથી આક્રમણ કર્યું દુશ્મનો ગાયને આગળ રાખી લડતા હતા. સેનાપતિ સિંધુદેવ શર્માએ કુમાર વીર જશરાજને અજ્ઞાત રાખીને હુમલાને ખાળવા ઉપડ્યા.પરંતુ સામે હથિયાર છોડવાથી ગો હત્યા થાય તે વિચારે સૈન્યને ભારે ખુવારી વેઠી આગળ વધ્યું અને દુશ્મનોના છક્કા છોડાવ્યા. સૈન્યની ભારે ખુવારી અને સિંધુદેવ શર્માના બલીદાનની કુમાર જશરાજને લગ્ન મંડપમાં જાણ થતા પોખાંતી વખતે જ તેમણે મીંઢળ બાંધ્યા હાથમાં તલવાર અને ભાલો લીધા અને આક્રમણકારોને મારી ભગાડી મુક્યા. પરંતુ ફરીથી દગો થયો વીર જશરાજને ઉત્તરકોટના લોહરી દરવાજા પાસે વધાવતા હતા ત્યારે હિન્દુ પોશાકમાં મલેચ્છ સૈનિકોએ તેમને વધાવવાના બ્હાને ધડ ઉપરથી માથું ઉતારી લીધું. સેનાનીઓએ દગાખોર મલેચ્છોને તુરત જ મારી હટાવી દીધા છતાં પાંચકલ્યાણી દેવાંગી અશ્વ પર વરરાજા જશરાજનું ધડ યુદ્ધ ખેલી રહ્યુ હતું. લોહારાણા સમાંત સરદારોએ વરરાજા જશરાજને અશ્વ પકડી દાદાના ધડ પાસે પ્રતિજ્ઞા લઈ પાણી આપ્યું કે દાદા તમે સદગતી પામો. તમારા લગ્ન ખંડિતતાનું શોકચીહ્ન અમો અમારા વંશ, વરસો લગ્નમાં સદાકાળ અમર રાખીશું. સંગને સક્ષીભુત રાખવા લગ્નમાં સામેલું રાખીશું, વાર-વહુને વરઘોડિયા નામે ભોલાવશે તથા તમારી શહીદીને ક્યારેય વિસરવા દેશું નહીં.વીરદાદા જશરાજની શહીદીની યાદને હરહંમેશ જીવંત રાખવા ભારત સહિત વિશ્વમાં જ્યાં જ્યાં લોહાણા વસે છે ત્યાં ત્યાં લોહાણા સમાજ દ્વારા પ્રતિવર્ષ ૨૨ જાન્યુઆરીના રોજ "વીરદાદા જશરાજ શહિદ દિન" ઉજવવામાં આવે છે.

-લોહાણા યુવા સંગઠન, ગાંધીનગર

## એસ જી અંગ્રેજી માધ્યમ સ્કૂલ દ્વારા વિદ્યાર્થીઓ માટે પિકનીક યોજાઈ



એસ.જી.અંગ્રેજી માધ્યમ પ્રાથમિક શાળામાં શુક્રવારે પિકનિકનું આયોજન કરવામાં આવ્યું હતું. થયું. ધોરણ-૧થી ૪માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ માટે અમદાવાદમાં બોપલ ખાતે આવેલ પ્લેઝર ક્લબમાં પિકનિકનું આયોજન થયું હતું.આ પિકનિકમાં ધો- ૧થી ૪નાં ૫૫૭ બાળકોએ ભાગ લીધો હતો. બાળકો સાથે શાળાના ૨૫ શિક્ષકો પણ આ પિકનિકમાં જોડાયા હતા. બાળકોએ જુદી જુદી રાઈડસ, ડાંસ તેમજ એડવેન્ચર કેમ્પની મજા માણી હતી.